ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



નીરંજના પ્રદીપસિંહ બિહોલા
ટ્રસ્ટી, સરસ્વતી વિદ્યાલય, સે-૬
મો. ૯૯૦૯૪ ૧૨૨૬૯



જશીબેન
રમેશચંદ્ર શ્રીમાળી
મો. ૯૭૧૪૫ ૦૧૩૧૮



કશિશ પંકજકુમાર
મેસરવાલા
મો. ૯૭૧૨૪ ૬૦૭૪૩

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# રાજ્યકક્ષાની પોસ્ટર મેકિંગ સ્પર્ધામાં સમર્પણ કૉલેજનાં વિદ્યાર્થિની ઝળક્યાં



વિદ્યાનગર ખાતે ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશન દ્વારા યોજાયેલ રાજ્યકક્ષાની સ્પર્ધામાં ગાંધીનગરની સમર્પણ સાયન્સ કૉલેજનાં વિદ્યાર્થીની ક્ષિપ્રા પાંડે દ્વિતિય ક્રમે વિજેતા બન્યાં હતાં. કૉલેજનાં પ્રિન્સિપાલ ડૉ. રીતુ સકસેના અને આસી. પ્રોફેસર માર્ગી રવીશ ભટ્ટ, ડૉ. ઊર્જા પંડ્યા તથા સોનિકા શેરોનના માર્ગદર્શન હેઠળ તેમણે પોસ્ટર સ્પર્ધામાં વિજેતા બની રૂપિયા ૧૫૦૦નું રોકડ ઈનામ અને મૅડલ પ્રાપ્ત કર્યો હતો.

# શ્રીમતી આર ઍન પટેલ પ્રાઈમરી સ્કૂલના વિદ્યાર્થીઓ સ્કૉલરશીપ ઍક્ઝામમાં ચમક્યા

ગાંધીનગર, તા. ૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર ઍન પટેલ પ્રાઈમરી સ્કૂલના વિદ્યાર્થીઓએ ઍસઈબી દ્વારા લેવામાં આવતી પીઍસઈ (પ્રાઈમરી સ્કૉલરશીપ ઍક્ઝામ) અને ઍસઍસઈ (સૅકન્ડરી સ્કૉલરશીપ ઍક્ઝામ)માં ભાગ લીધો હતો. બે વિદ્યાર્થીઓ પીઍસઈ અને ૪ વિદ્યાર્થીઓ ઍસઍસઈમાં પાસ થયા છે. ઍસઈબીની પરીક્ષામાં વિદ્યાર્થી મોહિબ અહેમદ બસીરૂદ્દિન અંસારી સમગ્ર રાજ્યમાં તૃતિય અને જિલ્લા



મોહિબ અહેમદ અંસારી

કક્ષાએ પ્રથમ મૅરિટથી ઉત્તીર્ણ થયો છે. પીઍસઈમાં મોહંમદ સાફીન લિયાકતહુસેન મલેક જિલ્લામાં પાચમા ક્રમે અને અમ્માર મહમ્મદ હનીફ મલેક જિલ્લામાં પાંચમા ક્રમે ઉત્તીર્ણ થયા છે.

ઍસઍસઈમાં મોહિબ અહેમદ બસીરૂદ્દિન અંસારી રાજ્યમાં ત્રીજા, જિલ્લામાં પ્રથમ, જૈનિક સંજયકુમાર બારોટ જિલ્લામાં ત્રીજા, વૃષિકા નરેન્દ્રકુમાર ઝવેરી જિલ્લામાં ચોથા અને ઉન્નતિ ધીરજકુમાર પ્રિયદર્શી જિલ્લામાં છઠ્ઠા ક્રમે ઉત્તીર્ણ થયા છે.

સમગ્ર શાળા પરિવાર દ્વારા આ વિદ્યાર્થીઓને બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# શ્રી જે બી સ્કૂલના વિદ્યાર્થીઓએ દાંડી કુટિરની મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૧

ગાંધી નિર્વાણ દિન નિમિત્તે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાઈમરી સ્કૂલના વિદ્યાર્થીઓએ દાંડી કુટિરની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓએ ગાંધી જીવન ચરિત્ર વિશેની રસપ્રદ માહિતી મેળવી હતી. તેમણે દાંડી કુટિરના પ્રદર્શનને નિહાળી મહાત્મા ગાંધીનાં જીવન મૂલ્યોને પોતાના જીવનમાં સ્થાન આપી એક સારા નાગરિક તરીકે ફરજો સમજી રાષ્ટ્ર માટે વ્યસન-મુક્તિ, સત્ય, અહિંસા અને સ્વચ્છતાનાં મૂલ્યોને મહત્ત્વ આપી ઉચ્ચ જીવન જીવવાની શીખ આપતું શેરી નાટક રજૂ કરી સમાજમાં વ્યસનમુક્તિનો સંદેશ પહોંચાડ્યો હતો. આ કાર્યક્રમ દરમિયાન ગાંધીનગરની વિવિધ શાળાનાં બાળકો ઉપસ્થિત રહ્યાં હતાં. દાંડી કુટિરના સંચાલકો તથા શાળાના આચાર્ય નીવાબેન પટેલે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# નગરની સિદ્ધિપ્રાપ્ત વિદ્યાર્થિની જિલ્લા દ્વારા સન્માનિત થઈ



ગાંધીનગર, તા. ૧

અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના ઍનઍસઍસ યુનિટની વિદ્યાર્થીનીને રાષ્ટ્રીય સેવા યોજનાના શ્રેષ્ઠ સ્વયંસેવક તરીકેનો ઍવૉર્ડ પ્રાપ્ત થયો તે બદલ તાજેતરમાં તેનું જિલ્લા દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

ભારત સરકારના યુવક સેવા સાંસ્કૃતિક અને રમતગમત વિભાગ દ્વારા ૨૦૧૬-૧૭ના વર્ષનો ઍવૉર્ડ મેળવવા બદલ અંજલિ પંકજભાઈ પટેલને પ્રજાસત્તાક દિવસના જિલ્લા કક્ષાના કાર્યક્રમ અંતર્ગત દહેગામ ખાતે કલેક્ટર સતિષભાઈ પટેલના હસ્તે સન્માનિત કરવામાં આવી હતી. કૉલેજના ઍનઍસઍસ પ્રોગ્રામ ઑફિસર ડૉ. રણછોડ રથવી, પ્રિન્સિપાલ ડૉ. વિજ્ઞા ઓઝા અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રૅસિડેન્ટ વલ્લભભાઈ પટેલે અંજલિને સમગ્ર કેઍસવી પરિવાર વતી બિરદાવી અભિનંદન અને ઉત્તરોત્તર આવી સિદ્ધિઓ માટે શુભકામનાઓ પાઠવી હતી.

## ગૂજરાત વિદ્યાપીઠ, સાદરા ખાતે

# શહીદ દિવસ નિમિત્તે રક્તદાન શિબિર યોજાઈ

## સિસિકા, સૂક્ષ્મ જીવાણું વિજ્ઞાન વિભાગ અને બાયોગેસ સંશોધન અને વિસ્તરણ કેન્દ્ર સાદરાના સંયુક્ત ઉપક્રમે રક્તદાન શિબિરનું આયોજન કરાયું

ગાંધીનગર, તા. ૧

સિનિયર સિટીઝન્સ કાઉન્સિલ ગાંધીનગર અને સૂક્ષ્મજીવાણુઓ વિજ્ઞાન વિભાગ તથા બાયોગેસ સંશોધન અને વિસ્તરણ કેન્દ્ર સાદરાના સંયુક્ત ઉપક્રમે સાદરા મુકામે તા.૩૦-૧-૧૮ ને મંગળવારના રોજ પૂ. બાપુની ૭૦મી પુણ્યતિથિએ રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરમાં કુલ ૫૦ રકતદાતાઓએ રક્તદાન કર્યું જેમાં ૧૨ જેટલી બહેનો અને ૩૮ જેટલા વિદ્યાર્થીઓ અને કર્મચારીઓએ રક્તદાન કરી રક્તદાન મહાદાન



સુત્રને સાર્થક કર્યું. રક્તદાનની સફળતામાં સંસ્થાના ડીન શ્રી ડો.નિખિલભાઈ ભટ્ટ તથા શ્રી રાકેશભાઈ સોની નો અમૂલ્ય ફાળો રહ્યો હતો.

સી.સી.કા ના સભ્યો શ્રી દશરથ ભાઈ પરમાર રસિકભાઈ ગાંધી જે.એલ. શાહ તથા રામલાલભાઈ શાહ નો આયોજન અને સંકલનમાં સંપૂર્ણ સહયોગ પ્રાપ્ત થયો હતો. શિબિરમાં ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી ની ટીમના શ્રી સૂર્યકાંતભાઈ નાયક તથા ડો. જયમીનભાઈ જોશીના માર્ગદર્શન હેઠળ રકત એકત્રીકરણની કામગીરી કરવામાં આવી. ઉપરાંત અન્ય સ્ટાફ મેમ્બર્સનો પણ સહયોગ પ્રાપ્ત થયો હતો.

## સિવિલ હૉસ્પિટલ, ગાંધીનગર, નૅશનલ મૅન્ટલ હૅલ્થ પ્રોગ્રામના સંયુક્ત ઉપક્રમે

# સરકારી વિનયન કૉલેજમાં આપઘાત નિવારણ અંગે કાર્યક્રમ

## ડૉ. તેજસ પટેલ અને દેવાંગિની સોની દ્વારા ઉદાસિનતાનાં કારણો, લક્ષણો, આપઘાતનાં લક્ષણો, કારણો વિશે વિદ્યાર્થીઓને વિગતવાર સમજ અપાઈ

ગાંધીનગર, તા. ૧

સિવિલ હૉસ્પિટલ, ગાંધીનગર, નૅશનલ મૅન્ટલ હૅલ્થ પ્રોગ્રામ અને સરકારી વિનયન કૉલેજ, ગાંધીનગરના મનોવિજ્ઞાન વિભાગના સંયુક્ત ઉપક્રમે ઉદાસીનતા અને આપઘાત નિવારણ વિષયે એક કાર્યક્રમનું આયોજન કૉલેજ ખાતે કરવામાં આવ્યું હતું, જેમાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ, અધ્યાપકો તથા વહીવટી સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. કાર્યક્રમની શરૂઆતમાં ડૉ. આર જી મેઘનાથીએ સાંપ્રત સમસ્યા આપઘાત વિશે વિદ્યાર્થીઓને માહિતી આપી હતી. પ્રિન્સિપાલ ડૉ. હિંમત ભાલોડિયાએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું.

પ્રથમ સૅશનમાં ડૉ. તેજસ પટેલ (મનોચિકિત્સક, સિવિલ હૉસ્પિટલ, ગાંધીનગર) દ્વારા ઉદાસિનતાનાં કારણો, તેનાં લક્ષણો અને તેની સારવાર વિશે વિદ્યાર્થીઓને વિગતે માહિતી આપવામાં આવી હતી. બીજા સૅશનમાં વિદ્યાર્થીઓને પ્રશ્નાવલિ આપવામાં આવી હતી.

એ પછી દેવાંગિની સોની (મનોચિકિત્સક, સિવિલ હૉસ્પિટલ, ગાંધીનગર) દ્વારા આપઘાતનાં લક્ષણો, તેનાં કારણો વિશે વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. આપઘાત કરવા વિશે વિચારનાર વ્યક્તિઓ દ્વારા મળતા સંકેતોને ઓળખી, આવી વ્યક્તિઓને આપઘાત કરતા કેવી રીતે બચાવવા તે વિશે વિદ્યાર્થીઓને તેમણે વાકેફ કર્યા હતા. કાર્યક્રમના અંતમાં પોસ્ટ સૅશન પ્રશ્નાવલિ અને ફિડબૅક ફૉર્મમાં વિદ્યાર્થીઓ પાસેથી જવાબ લેવામાં આવ્યા હતા. દરેક વિદ્યાર્થીને ખૂબ અગત્યની માહિતી આ કાર્યક્રમના માધ્યમથી પ્રાપ્ત થઈ હતી. અધ્યાપક ઍન જે ગઢવીએ કાર્યક્રમના અંત ભાગમાં સૌના પ્રતિ આભારની લાગણી પ્રગટ કરી હતી.

# ગાંધીનગરના ગૌરવ સમાન સાહિત્યકાર કેશુભાઈ દેસાઈને સુવર્ણચંદ્રક અર્પણ




ગાંધીનગર, તા. ૧

સ્તેયેશ્વર મહાત્મા ફાઉન્ડેશન અને કવિ ડાહ્યાભાઈ પટેલ સાહિત્યરત્ન સુવર્ણચંદ્રક ટ્રસ્ટ વડોદરા દ્વારા સાહિત્યકાર કેશુભાઈ દેસાઈને સુવર્ણચંદ્રક અર્પણ સમારોહમાં કવિ શૈલેષ પંડ્યા ‘ભીનાશ’ નું ગાંધીગુણાનુવાદ પર વ્યાખ્યાન યોજાયું

સ્તેયેશ્વર મહાત્મા ફાઉન્ડેશન અને કવિ ડાહ્યાભાઈ પટેલ સાહિત્યરત્ન સુવર્ણચંદ્રક ટ્રસ્ટ વડોદરા દ્વારા સાહિત્યકાર કેશુભાઈ દેસાઈને સુવર્ણચંદ્રક અર્પણ કરવાનો એક કાર્યક્રમ વડોદરા બરોડા હાઈસ્કૂલ અલકાપુરી ખાતે યોજાયો હતો. કેશુભાઈએ સુંદર રીતે વડોદરા સાથેના એમના સ્મરણોને યાદ કર્યા હતા અને સુંદર સુવર્ણચંદ્રક ના પ્રતિભાવ આપ્યા હતા.

આ સમારોહમાં કલોલ માં રહેતા કવિ અને જી.ટી.પી.એલ. ના પ્રોગ્રામ ડિરેક્ટર શૈલેષ પંડ્યા ‘ભીનાશ’ હાજર રહી મુખ્ય મેહમાન તરીકે પ્રાસંગીક ઉદબોધન ગાંધી ગુણાનુવાદ પર કર્યું હતું. ગાંધીનગરના કવિ કનૈયાલાલ ભટ્ટે કેશુભાઈ દેસાઈનો પરિચય સૌને કરાવ્યો હતો. વડોદરાના અગ્રણી સાહિત્યકારો પ્રતાપભાઈપંડ્યા, રશીદ મીર, ભરત ભટ્ટ , વિરંચી ત્રિવેદી, સુન્દરમ ટેલર, અંકુર દેસાઈ અને બીજા સાહિત્યપ્રેમીઓ તથા ગાંધીપ્રેમીઓ રાજકોટ, પેટલાદ,ગોધરા એમ અનેક સ્થળેથી ઉપસ્થિત રહ્યા હતા.

# બેન્કોનું ઋણ વિસ્તરણ મંદ પડ્યું એટલે વિકાસ મંદ છે



જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

યુવાવયની આબાદી વધુ હોય તેવા દેશોમાં ભારત અગ્રેસર છે, જેની પાસેથી વડાપ્રધાને ઘણી મોટી અપેક્ષા છે, પરંતુ માત્ર માનવ અને માનવશ્રમ વધુ હોય પણ કાર્યની તકો અને આર્થિક સંસાધનોનું પ્રબંધન ઘટતું હોય તો એ હકારાત્મક રીતે રાષ્ટ્રીય વિકાસમાં સહાયરૂપ થઈ શકે તેમ માનવું ભૂલભરેલું છે.

ડિગ્રીધારકો પ્રતિવર્ષ વધતા જાય છે પણ તેના ભાવિ માટે જૉબની વ્યવસ્થા એટલા જ પ્રમાણમાં ઊભી થઈ જાય એ પ્રશાસન માટે પણ અતિ વિકટ અથવા તો અસંભવ બાબત છે. શિક્ષણ ધંધાદારી ક્ષેત્ર બનાવી દીધું અને શિક્ષણની જરૂરિયાતવાળા ક્ષેત્ર કેટલા અને ભાવિ મૅનપાવર સાથે તેને સંલગ્ન કરેલું નથી એટલે આ સ્થિતિનું નિર્માણ થયું છે.

કોઈપણ રાષ્ટ્રનું વિકસીત થવું એ સહજ પ્રક્રિયા હોવા છતાં ઘણા વિઘ્નો કે સમસ્યાઓ આર્થિક મોરચે જોવા મળે છે. ભારતમાં વિકાસ થઈ રહ્યો છે પરંતુ આર્થિક રીતે આવકની અસમાનતા વધુ માત્રામાં છે. બેન્કોની હાલત નોટબંધી (ડિમોનીટાઈઝેશન) પછી બગડી છે. ફંડ મેનેજમેન્ટમાં અસ્થિરતા આવી ઉપરાંત વસૂલાત ધાર્યા મુજબ ખાસ કરીને બૅડ લોન્સની આવી નથી એટલે કે નૉન પરફોર્મિંગ ઍસેટ્સ બહુ જ ચિંતાકારક મુદો રહ્યો છે. બૅન્કો ઉપલબ્ધ નાણાકિય સંસાધનોના રિસાઈકલિંગમાં પરેશાન થઈ ગઈ છે. વસૂલાત આવે નહીં તો બેન્કોના અસ્તિત્વ ઉપર પણ ખતરો ઊભો થઈ જાય છે. ઍસબીઆઈના ચૅર પર્સન અરૂંધતિજીએ એવું નિવેદન કર્યું હતું કે દેવા નાબૂદીની વાતોને ઈલેક્શન એજન્ડામાં જે રીતે પ્રજા સમક્ષ મૂકવામાં આવે છે તે ઉચિત નથી કારણ કે તેનાથી લોકોની લોન પરત આપવાની માનસિકતા ઉપર જબરી ઠેસ પહોંચે છે. લોકો લોન નહીં ભરવાની તૈયારી કરે છે.

ભારતીય બૅન્કિંગમાં જે પ્રશ્ન ઍનપીએની વધતી રકમનો છે તેમાં બે મુખ્ય જવાબદાર કારણો જોવા મળે છે. એક, દેવામાફી માટે પ્રજાની આશા અને બીજું ખાતેદારોની નબળી પડતી જતી આર્થિક સ્થિતિ. ચૂંટણી જીતી લેવાના આશયથી જે રીતે જાહેરાતો અને પ્રચાર થાય છે તેમાં નકારાત્મક અસર અંતે તો બૅન્ક લોનની વસૂલાતને થાય છે. હવે મુદ્દાની વાત જે કરવાની છે તેમાં ઋણ વિસ્તરણ (ક્રેડિટ એક્સપાન્શન) મંદ થયું છે એટલે વિકાસ દર મંદ થયો છે. ક્રેડિટ ક્રિએશન અંતે તો બચત સંચય ઉપર પણ આધાર રાખે છે તથા સમયસર આવતી લોનની વસૂલાત પણ મહત્ત્વની ઘટના હોય છે. મોટા જે કોઈ પ્રોજેક્ટ અમલી જ્યારે બનાવવાના હોય ત્યારે બેન્કોના ધિરાણ વિના એ શક્ય હોતા નથી અને નવા ધિરાણ કરવામાં બધી બેન્કો અંદરથી ભયભીત તથા ડરી ચૂકેલી છે. તેનું મુખ્ય કારણ એસેટ ક્વોલિટીની જાળવણી જ છે. કોઈપણ બેન્કને એનપીએ વૃધ્ધિ હવે પસંદ નથી. સરકારી ક્ષેત્રની બેન્કોની જે હાલત ચે તેને સહાયરૂપ થવા સરકારે હાલમાં જ રૂપિયા ૮૦ હજાર કરોડની ફાળવણી ૨૦ બેન્કોને કરી છે. કેમ કે પીએસયુ બેન્કોને ટકાવવી એ સરકારની મોટી જવાબદારી છે. આ અગાઉ બે વાર નાણાંકિય ભંડોળ બેન્કોને આપવામાં આવ્યું છે. વાસ્તવમાં લોનના કસૂરવાર (ડિફોલ્ટર્સ)ને કાનૂન કંઈ કરી શક્યું નથી. કેમ કે તેમાં ખૂબ જ સમય જાય છે. ઋણ વિસ્તરણ વિના જાયન્ટ પ્રોજેક્ટ આગળ લઈ જઈ શકાય તેમ નથી તેથી નવી રોજગારી કે શ્રમિકોની આવકવૃધ્ધિ પણ કરી શકાય તેમ નથી. સિત્તેર ટકા વસતીને જ્યાં જૉબ મળે છે તે દેશનું મોટું ક્ષેત્ર કૃષિનું છે. તો ત્યાં આપઘાતો ચાલી રહ્યા છે, ટામેટાં-બટાટાં રોડ ઉપર ફેંકી દેવાય છે. આ બાબતોના પાયામાં કારણ - ખેત ઉત્પાદન મૂલ્ય નહીં પ્રાપ્ત થવું તે છે.

સરકાર કૃષિકારોની આવક ૨૦૨૨ સુધીમાં ડબલ કરવાની વાત દોહરાવ્યા કરે છે પણ કઈ રીતે આ થશે તે વાતમાં તથ્ય ઓછું દેખાય છે. ખેતી કરનારાઓ કૃષિ પ્રવૃત્તિથી સંતુષ્ટ નથી કારણ કે ભાવ મળતા નથી. તો બીજી તરફ ઉત્પાદન ખર્ચ વધતા જાય છે. ઋણ વિના રાષ્ટ્રની અંદર રોશની નથી મતલબ કે જન જીવનમાં પણ સ્વબચત થઈ ગઈ અને દેવું (લોન) આવી જ ગયું છે. જંગી ખર્ચાવાળા બધા જ પ્રોજેક્ટ બેન્ક લોન વગર કોઈ કાળે અમલી થઈ શકતા નથી. એટલે વિકાસ દરમાં મંદ ગતિ જોવા મળે છે. વસૂલાતની વૃત્તિમાં જે વિકૃતિ આવી છે તેનાથી જ સમગ્ર બેન્કિંગ ક્ષેત્ર પ્રભાવિત થયું છે. મન કી બાતમાં વડાપ્રધાન આ વિશે પ્રજાને અપીલ કરે તો કદાચ સ્થિતિમાં સુધારણા થાય. ‘દેવું કરીને પણ ઘી પીઓ’ની નીતિ ઉપર દુનિયા આવી ગઈ છે પણ બચત તત્ત્વને જીવાડવું પડશે કેમ કે એ આર્થિક રીતે આત્મતત્ત્વ છે. લઈ લેવું અને પરત ના દેવું એ સભ્ય સંસ્કૃતિની ઓળખ હરગીઝ નથી.

**શેર આસ્વાદ**

તેરી ખ્વાહિશ કરલી તો
કૌન સા ગુનાહ કિયા ?
લોક તો ઈબાદત મેં
સારી કાયનાત માંગતે હૈં
ખુદા સે

